જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૦/૦૭/૨૦૨૨ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૨૯૦/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭ | ૧,૮૫,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૫૬૯/૨૦૨૨ ધી ઇપીકો કલમ ૩૫૪(ડી),૩૨૩,૫૦૬(૧),૧૧૪ તથા પોક્સો એક્ટ કલમ ૧૨ મુજબનો શરીર સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૭૦૮/૨૦૨૨ તા.૧૯/૦૭/૨૦૨૨ ના હુકમ આધારે તા.૧૯/૦૭/૨૦૨૨ ના કલાકઃ૨૩/૨૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## આરોપીનું નામ :-

દીપક પ્રવિણભાઈ જાતે સોદાગર ઉ.વ.૧૯ રહે.મ.નં.૬,અમીધારા કોમ્પ્લેક્ષ સીતારામ કોમ્પ્લેક્ષની બાજુમાં ઠક્કરનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૪ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૪ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧ રીક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૩/૨૦૨૨**

ઓઢવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૨૯/૨૦૦૯ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના સેશન્સ કેસ નં.૭૯/૨૦૧૫ મુજબના ગુનાના કામે આરોપી મહેન્દ્રકુમાર સ/ઓ કિશનભાઇ ધનાજી પ્રજાપતિ (રહે. મ.નં.૨૬૬, ગોકુલનગર, આદીનાથનગર, ઓઢવ, અમદાવાદ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રીમતી પ્રિતકમલ તીરથરામ સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૨૪, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**ઘરફોડઃ** **સમાચાર યાદી નં.૧૨૯૪/૨૦૨૨**

**સરદારનગરઃ** કમલેશભાઇ રમેશભાઇ ખટનાણી(ઉ.વ.૩૬)(રહે.રાધાકિશન બંગ્લોઝ, પ્રેમપ્રકાશ આશ્રમની બાજુમાં નાના ચીલોડા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૧૮/૦૭/૨૦૨૨ સવારના ૮/૨૦ સુધીના સમયગાળા દરમ્યાન કુબેરનગર માર્કેટ ખાતે આવેલ “દુર્ગા સેલ્સ કોર્પોરેશન” નામની કરીયાણાની દુકાનની દિવાલમાં બખોલુ પાડી ટેરેસનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કરીયાણાનો સામાન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અનીલ બાલકૃષ્ણ ચલાવે છે.

**રામોલઃ** કરણભાઇ મધુસુદનભાઈ પટેલ (ઉ.વ.૨૫)(રહે.મધુવન બંગ્લોઝ હીરાભાઈ ટાવર પાછળ મણીનગર) એ તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૨ રાતના ૮/૩૦ થી તા.૦૬/૦૫/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન રામોલ ગામ રોડ ખાતે કરણભાઇની “મુનલાઈટ” નામની ફેક્ટરીમાં આવેલ મંદીરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મંદીરમાંથી નાગદેવતાની મુર્તી કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્ર દાજીરાવ ચલાવે છે.

**<u>ત્યજી દીધેલ નવજાત શીશુ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૯૫/૨૦૨૨</u>**

**શહેરકોટડાઃ** તા.૧૯/૦૭/૨૦૨૨ કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા સરસપુર શ્રીરામનગર ઔડાના મકાનમાં બ્લોક નંબર-૨ પાછળના ભાગે તાજુ જન્મેલ નવજાત મૃત શિશુ (બાળકી) ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા શહેરકોટડા પોલીસે અજાણી વ્યક્તિ વિરૃધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.આહીર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૯૬/૨૦૨૨</u>**

**એરપોર્ટઃ** જગદીશભાઇ રમેશભાઇ સોલંકી (ઉ.વ.૪૫) (રહે. સમરથનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૭/૨૦૨૨ સાંજના ૫/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિશ્રામભાઇ સોમાભાઇ ચલાવે છે.

**નિકોલઃ** નિકોલ બળિયાદેવના ટેકરા ખાતે રહેતા અને છુટક મજુરીકામ કરતા મગનભાઈ સ/ઓ બાબુલાલ સરપોટા (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ-અરજણપુરા તા-આનંદપુરી જી-બાંસવાડા રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૭/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા રહેણાંક નજીક ખુલ્લી જગ્યામાં કણજીના ઝાડની ડાળ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશભાઈ મંગુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૃમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી